| GJJN070011102023 | | રજુ તારીખ : | 22 | 08 | 2023 |
|---|---|---|---|---|---|
| | | દાખલ તારીખ : | 22 | 08 | 2023 |
| | | ફેસલ તારીખ : | 08 | 07 | 2026 |
| | | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | | 02 | 10 | 16 |
| | सत्यमेव जयते | આંક : | | | |

**-:નમુનો-અ:-**

## મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ, મુ.માંગરોળ

**ચુકાદાની તા. ૦૮/૦૭/૨૦૨૬**
**ફોજદારી કેસ નં. ૭૫૪/૨૦૨૩**

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ઈ.પી.કો. કલમ-૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૨) તથા જી.પી.એકટ-૧૩૫ મુજબ |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ૧૧૨૦૩૦૩૮૨૩૦૨૦૮/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | માંગરોળ પોલીસ સ્ટેશન. |
| ફરીયાદીપક્ષ | શ્રી સરકાર |
| ફરીયાદ પક્ષ તરફે વિ.વ.શ્રી: | વિ.એ.પી.પી.શ્રી જે.એન.શ્રીમાળી |
| આરોપી પક્ષ | સલીમભાઈ આહમદભાઈ પડાયા,<br>રહે. માંગરોળ, નાગદા વિસ્તાર ભમ્મરીયા કુવા પાસે,<br>તા.માંગરોળ, જિ.જૂનાગઢ. |
| આરોપી તરફે વિ.વ.શ્રી: | શ્રી.વિ.વ.શ્રી એમ.કે.ગોહેલ |

**-:નમુનો-બ:-**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૭/૦૫/૨૦૨૩ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૭/૦૫/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૨૮/૦૭/૨૦૨૩ |

| | |
|---|---|
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૨૧/૦૨/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૦/૦૬/૨૦૨૬ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | – |
| ચુકાદાની તારીખ | ૦૮/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | |

**–:આરોપીની વિગત:–**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ /દોષ | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ– ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | સલીમભાઈ આહમદભાઈ પડાયા | ૨૮/૦૫/૨૩ | ૨૮/૦૫/૨૩ | ઈ.પી.કો.ની કલમ–૩૨૩ ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા જી.પી.એકટ –૧૩૫ મુજબ | નિર્દોષ | –– | –– |

**–:નમુનો–ક:–**

**:: સાહેદો નુ લીસ્ટ::**

**અ. ફરિયાદ પક્ષ તરફે સાહેદો:**

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| પી.૧ | ૦૮ | અબ્દુલમજીદ અબ્દુલરહીમ રાઠોડની જુબાની | ફરિયાદી |
| પી.૨ | ૧૦ | અબ્દુલ વહાબ ઉર્ફે યુસુફભાઈ રાઠોડની જુબાની | સાહેદ |
| પી.૩ | ૧૧ | અબ્દુલ વાહીદ હનીફભાઈ રાઠોડની જુબાની | સાહેદ |
| પી.૪ | ૨૦ | સરફરાજભાઈ અબ્દુલમજીદ રાઠોડની જુબાની | સાહેદ |

**:: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ::**

**અ. ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ડી.૧ | ૦૯ | ફરિયાદ |
| ડી.૨ | ૧૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ડી.૩ | ૧૩ | અટક પંચનામું |
| ડી.૪ | ૧૪ | ફરિયાદીનું મેડીકલ સર્ટીફીકેટ |
| ડી.૫ | ૧૫ | સાહેદનું મેડીકલ સર્ટીફીકેટ |
| ડી.૬ | ૧૬ | સાહેદનું મેડીકલ સર્ટીફીકેટ |
| ડી.૭ | ૧૭ | સાહેદનું મેડીકલ સર્ટીફીકેટ |
| ડી.૮ | ૧૮ | જાહેરનામું |
| ડી.૯ | ૧૯ | કલોઝીંગ પુરશીષ |
| ડી.૧૦ | ૨૧ | કલોઝીંગ પુરશીષ |

**બ. બચાવ પક્ષ :**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | ......... | |
| બ.સ.૧ | ......... | |

**<u>ક. ન્યાયાલય પક્ષ</u> :**

| **અનુ ક્ર.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ન્યા.સ.૧ | | |
| ન્યા.સ.૧ | | |

**<u>ડ. ભૌતિક પદાર્થ</u> :**

| **અનુ ક્ર.** | **ભૌતિક પદાર્થ સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧. | ૧ | છરી |
| ૨. | ...... | |

**<u>–:: ચુ કા દો ::–</u>**

(૧) **ફરિયાદ પક્ષના કેસની ટુંક હકીકત :–** આરોપીએ ગઈ તા.૨૭/૦૫/૨૦૨૩ ના રોજ ક.૧૦/૩૦ વાગ્યા દરમિયાન માંગરોળ નાગદા વિસ્તારમાં આ કામના ફરિયાદી તેમના ઘરની ડેલી આગળ બેસવાની ઓટી બનાવતા હતા ત્યારે આ કામના આરોપીએ ફરિયાદી પાસે આવી ઓટી બનાવવાની ના પાડતા ફરિયાદીએ કહેલ અમે અમારી હદમાં ઓટી બનાવીએ છે તેમ કહેતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરિયાદી તથા સાહેદને ગાળો આપી સાહેદ સરફરાજને ગરદનની નીચે જમણી બાજુ છરી ચેકો મારી તેમજ ફરિયાદીને ડાબા હાથની આંગળીમાં ચેકો મારી સાહેદ અબ્દુલવહાબ ઉર્ફે સાજીદ તથા અબ્દુલવાહીદ વચ્ચે પડતા અબ્દુલવહાબને જમણા હાથમાં તથા સાહેદ અબ્દુલવાહીદને જમણા હાથની આં ગળીમાં ચેકો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી મહે. જિલ્લા મેજી.સા.,જૂનાગઢના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ હોય બનાવની આ કામના ફરિયાદીએ પોલીસ ફરિયાદ કરેલી.

(૨) **ફરિયાદ અનુસંધાને પોલીસ કાર્યવાહી :–** ફરિયાદીની ફરિયાદ અનુસંધાને આરોપી વિરૂધ્ધ માંગરોળ પોલીસ સ્ટેશન ધ્વારા ગુના રજી.નં. ૧૧

૨૦૩૦૩૮૨૩૦૨૦૮/૨૦૨૩ થી ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા જી.પી.એકટ–૧૩૫ મુજબનો ગુનો નોંધી તપાસ કરવામાં આવેલ. પોતાની તપાસ દરમ્યાન તપાસનીશ અધીકારી ધ્વારા સાહેદોના નિવેદનો નોંધી, જરૂરી પંચનામા કરી, આરોપી વિરૂઘ્ઘ કાનૂની કાર્યવાહી કરવા પુરતો પુરાવો જણાતા, આરોપી વિરૂઘ્ઘ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલ.

(૩) **ગુનાનું સંજ્ઞાન અને તહોમતનામું :–** આરોપી વિરૂઘ્ઘ કરવામાં આવેલ ચાર્જશીટ આધારે ફોજદારી કાર્યરીતી સંહીતા,૧૯૭૩ ની કલમ–૧૯૦(બી) મુજબ ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીને કોર્ટમાં હાજર રહેવા માટે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ. જે પ્રોસેસ આરોપીને બજી જતા આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થીત થયેલ. આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થીત થતા ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપી સામે આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવી આરોપીની આંક–૦૫ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમા તેઓને ગુનો કબુલ છે કે કેસ આગળ ચલાવવા માંગો છો તેમ પુછતા આરોપીએ ગુનો કબુલેલ નહી અને પોતાની વિરૂઘ્ઘનો કેસ આગળ ચલાવવા માંગતા હોવાનુ જણાવેલ.

(૪) આ કામે ફરિયાદપક્ષે પોતાના કેસના સમથનમા નમુના 'ક' મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

(૫) **આરોપીનું વિશેષ નિવેદન :–** ફરિયાદ પક્ષે પુરાવો પુરો થયાનું જાહેર કરતાં આરોપીને ખુલાસો કરવા તક આપી આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય જેથી તેઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) **દલીલો :–** ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ. એ.પી.પી. શ્રી જે.એન.શ્રીમાળીની મૌખિક દલીલો સાંભળી તથા બચાવ પક્ષના વિ.વકીલ શ્રી એમ.કે.ગોહેલની મૌખિક દલીલો સાંભળી.

(૭) ત્યાર બાદ કોર્ટ સમક્ષનો ફરિયાદ પક્ષનો કેસ ધ્યાને લઈ નીચે મુજબના મુદ્દા અત્રેની કોર્ટના ન્યાયીક નિર્ણય માટે ઉપસ્થીત થયેલ.

| | **મુદ્દા** |
|---|---|
| ૧ | શું ફરિયાદ પક્ષ સ્પષ્ટ અને શંકા રહિત રીતે પુરવાર કરે છે કે, આરોપીએ ગઈ તા.૨૭/૦૫/૨૦૨૩ ના રોજ ક.૧૦/૩૦ વાગ્યા દરમિયાન માંગરોળ નાગદા વિસ્તારમાં આ કામના ફરિયાદી તેમના ઘરની ડેલી આગળ બેસવાની ઓટી બનાવતા હતા ત્યારે આ કામના આરોપીએ ફરિયાદી પાસે આવી ઓટી બનાવવાની ના પાડતા ફરિયાદીએ કહેલ અમે અમારી હદમાં ઓટી બનાવીએ છે તેમ કહેતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરિયાદી તથા સાહેદને ગાળો આપી સાહેદ સરફરાજને ગરદનની નીચે જમણી બાજુ છરી ચેકો મારી તેમજ ફરિયાદીને ડાબા હાથની આંગળીમાં ચેકો મારી સાહેદ અબ્દુલવહાબ ઉર્ફે સાજીદ તથા અબ્દુલવાહીદ વચ્ચે પડતા અબ્દુલવહાબને જમણા હાથમાં તથા સાહેદ અબ્દુલવાહીદને જમણા હાથની આંગળીમાં ચેકો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી મહે. જિલ્લા મેજી.સા.,જૂનાગઢના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સં હિતા, ૧૮૬૦ ની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા જી.પી.એકટ–૧ ૩૪૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ? |
| ૨ | શું હુકમ ? |

## (૮) મુદ્દાઓના નિર્ણય

૧ નકારમાં

૨ આખરી હુકમ મુજબ

## (૯) નિર્ણય માટેના કારણો

**મુદ્દા નં. ૧ :**

**(૯.૧) ફરિયાદીનો પુરાવો :–** ફરિયાદ પક્ષ ધ્વારા આંક–૦૮ થી ફરિયાદી અબ્દુલમજીદ અબ્દુલરહીમ રાઠોડને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, બનાવ આજથી ત્રણેક વર્ષ પહેલા બનેલો. બનાવમાં આ કામના આરોપી સાથે સામાજીક કારણસર સામાન્ય બોલાચાલી થયેલી. આ સિવાય કાઈ બનાવ બનેલ નથી. તેઓને આરોપીએ મારકુટ કરેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. તેઓએ ઉશ્કેરાટમાં આવીને ફરિયાદ આપેલ. તેમને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે જેમાં તેમના અંગુઠાનુ નિશાન છે જે ઓળખી બતાવી આ કામે આંક–૦૯ થી રજુ રાખેલ છે. તેઓને આરોપી સાથે સમાજની રાહે સમાધાન થઈ ગયેલ છે. કેસ આગળ ચલાવવો નથી કોઈ સાક્ષી તપાસવા નથી. આરોપીને જોયે ઓળખે છે તે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.

સદર ફરિયાદી તેમની ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં ફરિયાદ હકીકતને સમર્થન કરેલ નથી. સદર સાહેદ બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી સિવાય બીજુ કાઈ બનેલ નથી. આરોપીએ તેઓને ગાળો બોલી મારી નાખવાની ધમકી આપેલ નથી કે કોઈ હથિયાર વડે ઈજા કરેલ નથી.

તેઓએ તેમની ઈજા ડોકટર સાહેબને કંઈ જણાવેલ નથી. ઘરમેળે તકરારનું નિવારણ થઈ ગયેલ છે અને એકબીજા સાથે શાંતીથી વરતે છે.

(૯.૨) ફરિયાદ પક્ષ ધ્વારા **આંક–૧૦** થી **સાહેદ અબ્દુલવહાબ ઉર્ફે યુસુફભાઈ રાઠોડને** તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, બનાવ આજથી ત્રણેક વર્ષ પહેલા બનેલો. બનાવમાં આ કામના આરોપી સાથે સામાજીક કારણસર સામાન્ય બોલાચાલી થયેલી. આ સિવાય કાઈ બનાવ બનેલ નથી. તેઓને આરોપીએ મારકુટ કરેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. તેઓને આરોપી સાથે સમાજની રાહે સમાધાન થઈ ગયેલ છે. કેસ આગળ ચલાવવો નથી કોઈ સાક્ષી તપાસવા નથી. આરોપીને જોયે ઓળખે છે તે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે. પોલીસે તેઓની પુછપરછ કરી તેમનું નિવેદન લીધેલ.

સદર ફરિયાદી તેમની ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં ફરિયાદ હકીકતને સમર્થન કરેલ નથી. સદર સાહેદ બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી સિવાય બીજુ કાઈ બનેલ નથી. આરોપીએ તેઓને ગાળો બોલી મારી નાખવાની ધમકી આપેલ નથી કે કોઈ હથિયાર વડે ઈજા કરેલ નથી. તેઓએ તેમની ઈજા ડોકટર સાહેબને કંઈ જણાવેલ નથી. ઘરમેળે તકરારનું નિવારણ થઈ ગયેલ છે અને એકબીજા સાથે શાંતીથી વરતે છે.

(૯.૩) ફરિયાદ પક્ષ ધ્વારા **આંક–૧૧** થી **સાહેદ અબ્દુલ વાહીદ હનીફભાઈ રાઠોડને** તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, બનાવ આજથી ત્રણેક વર્ષ પહેલા બનેલો. બનાવમાં આ કામના આરોપી સાથે સામાજીક કારણસર સામાન્ય બોલાચાલી થયેલી. આ સિવાય કાઈ બનાવ બનેલ નથી. તેઓને આરોપીએ મારકુટ કરેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ

નથી. તેઓને આરોપી સાથે સમાજની રાહે સમાધાન થઈ ગયેલ છે. કેસ આગળ ચલાવવો નથી કોઈ સાક્ષી તપાસવા નથી. આરોપીને જોયે ઓળખે છે તે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે. પોલીસે તેઓની પુછપરછ કરી તેમનું નિવેદન લીધેલ.

સદર ફરિયાદી તેમની ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં ફરિયાદ હકીકતને સમર્થન કરેલ નથી. સદર સાહેદ બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી સિવાય બીજુ કાઈ બનેલ નથી. આરોપીએ તેઓને ગાળો બોલી મારી નાખવાની ધમકી આપેલ નથી કે કોઈ હથિયાર વડે ઈજા કરેલ નથી. તેઓએ તેમની ઈજા ડોકટર સાહેબને કંઈ જણાવેલ નથી. ઘરમેળે તકરારનું નિવારણ થઈ ગયેલ છે અને એકબીજા સાથે શાંતીથી વરતે છે.

(૯.૪) ફરિયાદ પક્ષ ધ્વારા **આંક–૨૦** થી **સાહેદ સરફરાજભાઈ અબ્દુલમજીદ રાઠોડ ને** તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, બનાવ આજથી ત્રણેક વર્ષ પહેલા બનેલો. બનાવમાં આ કામના આરોપી સાથે સામાજીક કારણસર સામાન્ય બોલાચાલી થયેલી. આ સિવાય કાઈ બનાવ બનેલ નથી. તેઓને આરોપીએ છરી મારેલ હોય કે મારકુટ કરેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. તેમના પિતાએ ઉશ્કેરાટમાં આવીને ફરિયાદ આપેલ અને પોલીસે તેમનું નિવેદન લીધેલ.

સદર સાહેદ બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી સિવાય બીજુ કાઈ બનેલ નથી. આરોપીએ તેઓને ગાળો બોલી મારી નાખવાની ધમકી આપેલ નથી કે કોઈ હથિયાર વડે ઈજા કરેલ નથી. તેઓએ તેમની ઈજા ડોકટર સાહેબને કંઈ જણાવેલ નથી. તેઓ તેની રીતે પડી જવાથી ગળાના ભાગે ઈજા થયેલી. આરોપી તેમની બાજુમાં રહેતા હોય

તેઓને જોયેથી ઓળખે છે. ઘરમેળે તકરારનું નિવારણ થઈ ગયેલ છે અને એકબીજા સાથે શાં તીથી વરતે છે.

**<u>પુરાવાનું મુલ્યાંકન</u> :–**

**(૧૦)** આમ, ફરિયાદ પક્ષનો સંપુર્ણ પુરાવો વંચાણે લેવામાં આવે તો, આ કામે આંક –૦૮ થી તપાસેલ ફરિયાદીનો પુરાવો ધ્યાને લેતા તેઓએ તેમના પુરાવા દરમિયાન જણાવેલ છે કે તેઓને આરોપી સાથે સામાન્ય બોલાચાલી સિવાય બીજુ કાઈ બનેલ નથી. આરોપીએ તેઓને ગાળો બોલી મારી નાખવાની ધમકી આપેલ નથી કે કોઈ હથિયાર વડે ઈજા કરેલ નથી. તેઓએ તેમની ઈજા ડોકટર સાહેબને કંઈ જણાવેલ નથી. તેઓએ ઉશ્કેરાટમાં આવીને ફરિયાદ આપેલ. જેથી સદર કામે ખુદ ફરિયાદીના પુરાવાથી તેઓની ફરિયાદ હકીકત મુજબનો પુરાવો રેકર્ડ ઉપર આવતો ન હોવાનું જણાય આવે છે. તેમજ આ કામે આંક–૧૦ અને આંક–૧૧ થી તપાસવામાં આવેલ સાહેદો ફરિયાદ હકીકતે સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરેલ છે તેમજ બચાવપક્ષની ઉલટતપાસમાં બન્ને સાહેદોને આરોપી સાથે સામાન્ય બોલાચાલી સિવાય બીજુ કાઈ બનેલ નથી. આરોપીએ તેઓને ગાળો બોલી મારી નાખવાની ધમકી આપેલ નથી કે કોઈ હથિયાર વડે ઈજા કરેલ નથી, તેઓએ તેમની ઈજા ડોકટર સાહેબને કંઈ જણાવેલ નથી. ઘરમેળે તકરારનું નિવારણ થઈ ગયેલ છે અને એકબીજા સાથે શાંતીથી વરતે છે તે હકીકતનો સ્વીકાર કરે છે. વધુમાં આંક–૨૦ થી તપાસવામાં આવેલ સાહેદ ફરિયાદીના દીકરા થાય છે જેઓએ પણ ફરિયાદ હકીકતને સમર્થન કરેલ નથી તથા બચાવપક્ષ તરફેથીની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી સિવાય બીજુ કાઈ બનેલ નથી. આરોપીએ તેઓને ગાળો બોલી મારી નાખવાની ધમકી આપેલ નથી કે કોઈ હથિયાર વડે ઈજા કરેલ નથી. તેઓએ તેમની ઈજા ડોકટર સાહેબને કંઈ જણાવેલ નથી. તેઓ તેની રીતે પડી જવાથી ગળાના ભાગે ઈજા થયેલી. આમ, ફરીયાદી તથા સાહેદની જુબાનીમાં ઉલટતપાસ દરમિયાન સ્વીકારેલ હકીકતો ધ્યાને લેતાં હાલનાં આરોપી દ્રારા ફરીયાદી તથા સાહેદને માર મારવાનાં કારણે આંક–૧૪ થી આંક–૧૭ વાળા મેડીકલ સર્ટીફીકેટમાં

જણાવેલ ઈજાઓ ફરીયાદી તથા સાહેદને થયેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી. વધુમાં બનાવ વખતે આરોપીએ ફરીયાદી તથા સાહેદને જાહેરમાં ઉશ્કેરણી જનક અપશબ્દો બોલેલ હોય તેવું પણ રેકર્ડ પર આવેલ નથી. તેથી આરોપી સામેનો ઈ.પી.કોડની કલમ–૩૨૩, ૨૯૪ (ખ) તથા જી.પી.એકટ–૧૩૫ મુજબનો ગુન્હો પુરવાર માની શકાય નહીં.

**(૧૧)** વધુમાં, આરોપીએ કેવા પ્રકારની ધમકી આપેલ, તેના શબ્દો શું હતા તેમજ તે ધમકી આપ્યા બાદ ફરિયાદી સતત ભયના ઓથાર હેઠળ રહેલ હોય તે સંબંધે કોઈ જ પુરાવો આપેલ નથી. તે જોતા, ફરિયાદી અને સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને સમર્થન કર્તા ન હોય, તેના પર આધાર રાખી શકાય નહીં. જયારે આરોપી સામે જાનથી મારી નાખવાની ધમકી આપ્યા સંબંધેનો આક્ષેપ છે તે બાબતે જોતા, હાલનો બનાવ બન્યા બાદ આવી ધમકી સંબંધે ફરિયાદી સતત ભયના ઓથાર હેઠળ રહયા હોય કે તેઓ રોજબરોજની કામગીરી કે ફરજ બજાવી શકયા ન હોય તે સંદર્ભે કોઈ હકારાત્મક પુરાવો આવેલ નથી. વધુમાં **૨૦૦૨(૧) જી.એલ.એચ.જે. પાના નં.૪ મનસુરખાન યાસીમખાન પઠાણ અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઘ્વારા પ્રસ્થાપિત કરવામા આવેલ છે કે, ફરિયાદીને અપાયેલ ધમકીના કારણે ફરિયાદીના મનમાં ભયની ઘંટી બજતી હોય તેવુ લાગવુ જોઈએ અને તેવી ધમકી આપ્યાના કારણે ફરિયાદી પોતાની ફરિયાદ નોંધાવ્યા પછી કોઈપણ સમયે પોતાની ફરજ અદા કરવા માટે રોજબરોજની કામગીરી કરવા શકિતમાન ન હતા તે હકીકત પુરવાર થવી જોઈએ અને ચોકકસ કયા શબ્દોમાં ધમકી આપેલ તે શબ્દો પણ મહત્વના છે. હાલના કેસમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદી અને સાહેદના પુરાવા પરથી હાલના આરોપી સંદર્ભે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી, ત્યારે આરોપી સામેનો ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) મુજબનો ગુન્હો પણ પુરવાર માની શકાય નહીં. આમ આરોપી વિરૂઘ્ધ ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) ના તત્વો પુરવાર થતા ન હોય, તે મુજબનો ગુન્હો પણ પુરવાર થતો નથી.

**(૧૨)** ફરિયાદ પક્ષ તરફે વધુ પુરાવો આપવો નથી તેવું જાહેર કરતાં, વિશેષ સાહેદોને તપાસવામાં આવેલ નથી. વધુમાં **૧૯૯૬(૯) એસ.સી.સી. ૭૬૬, સતીષ મેહરા વિ. દીલ્હી એડમીનીસ્ટ્રેશન અને બીજાઓ**ના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે ''જયારે જજને ચોકકસ પણે એમ લાગે કે કેસના સંજોગોને ઘ્યાને લેતા કેસનો અં ત સજામાં પરીણામશે નહી, ત્યારે કોર્ટનો અમુલ્ય સમય માત્ર પ્રોસીજર પુરી કરવા માટે વેડફવો નહી'' તે સિઘ્ધાંત ઘ્યાને લેતા તેમજ બાકીના સાહેદોને ફરિયાદપક્ષ તપાસવા માં ગતા નથી તે હકીકત ઘ્યાને લેતા વધારાના અન્ય સાહેદોને તપાસવાથી પણ હાલના કેસના ન્યાયીક નિર્ણયમાં કોઈ મદદરૂપ થાય તેમ ન હોય કે ન્યાયીક નિર્ણયમાં કોઈ ફેર પડે તેમ જણાતું ન હોય તેથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૩૪ ની જોગવાઈ તથા ફરિયાદપક્ષે આંક–૧૯ અને આંક–૨૧ થી રજુ કરેલ પુરાવા બંધ કરવાની પુરસીસ ઘ્યાને લેતાં હાલના કામે વધારાના સાહેદ તપાસવામાં આવેલ નથી.

**(૧૩)** આમ ફરિયાદપક્ષે રજુ સમગ્ર પુરાવાઓનું એકી સાથે મુલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદ પક્ષે તપાસેલ ફરિયાદી તથા સાહેદના પુરાવાથી ફરિયાદમાં જણાવેલ તત્વો પુરવાર થતા નથી અને ફરિયાદની કોઈ હકીકત વાજબી શંકા રહિત રીતે ફલિત થતી નથી. જેથી ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાથી આરોપીને ગુન્હામાં સાંકળતો કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજુ થતો ન હોય અને આરોપી સામે આક્ષેપવામાં આવેલ ગુન્હાના તત્વો ફલિત થતા ન હોય, જેથી ઉપરોકત રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતા, આરોપીએ ગઈ તા.૨૭/૦૫/૨૦૨૩ ના રોજ ક.૧૦/૩૦ વાગ્યા દરમિયાન માંગરોળ નાગદા વિસ્તારમાં આ કામના ફરિયાદી તેમના ઘરની ડેલી આગળ બેસવાની ઓટી બનાવતા હતા ત્યારે આ કામના આરોપીએ ફરિયાદી પાસે આવી ઓટી બનાવવાની ના પાડતા ફરિયાદીએ કહેલ અમે અમારી હદમાં ઓટી બનાવીએ છે તેમ કહેતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરિયાદી તથા સાહેદને ગાળો આપી સાહેદ સરફરાજને ગરદનની નીચે જમણી બાજુ છરી ચેકો મારી તેમજ ફરિયાદીને ડાબા હાથની આંગળીમાં ચેકો મારી સાહેદ અબ્દુલવહાબ ઉર્ફે સાજીદ તથા અબ્દુલવાહીદ વચ્ચે પડતા અબ્દુલવહાબને જમણા હાથમાં તથા સાહેદ

અબ્દુલવાહીદને જમણા હાથની આંગળીમાં ચેકો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી મહે. જિલ્લા મેજી.સા.,જૂનાગઢના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા જી.પી.એકટ–૧૩૫ અન્વયેના આક્ષેપ મુજબનો કેસ સાબીત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, **મુદ્દા નં.૧** નો નિર્ણય ''**નકારમાં**'' આપી, **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

(એ) આ કામના આરોપી સલીમભાઈ આહમદભાઈ પડાયા, રહે. માંગરોળ, નાગદા વિસ્તાર ભમ્મરીયા કુવા પાસે, તા.માંગરોળ, જિ.જૂનાગઢ નાઓને તેઓ વિરૂધ્ધ આક્ષેપીત ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનાના આરોપમાંથી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૪૮(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(બી) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(સી) ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ દરેક આરોપીએ અપીલ સમય સુધીના રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જામીન આપવા.

હુકમ આજરોજ **તારીખ : ૦૮ મી, માહે જુલાઈ, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : માંગરોળ.
તારીખ : ૦૮/૦૭/૨૦૨૬.

**(એસ.પી.ચોપરા)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માંગરોળ.
**(GJ-01377)**